1. હકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

- વ્યક્તિના વ્યકિતત્વના સર્વાંગી વિકાસને પોષતી સ્વતંત્રતાને હકારાત્મક સ્વતંત્રતા કહે છે

2. નકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે?

- વ્યક્તિનું જાહેર વર્તન બીજી વ્યક્તિઓના કાર્યમાં દખલગીરી કરતું, હોય તો તેવી સ્વતંત્રતાને નકારાત્મક સ્વતંત્રતા કહે છે.

3. કુદરતી સ્વતંત્રતા કોને કહે છે?

- મનુષ્ય જન્મ સમયથી જ સ્વતંત્રતાનો હક ધરાવે છે. એટલે કે કદરની અવસ્થાથી જ વ્યક્તિને પ્રાપ્ત થતા વ્યક્તિ સ્વતંત્રતાના હકને કુદરતી સ્વતંત્રતા કહે છે.

4. નૈતિક સ્વતંત્રતા એટલે શું?

- બુદ્ધિશાળી પ્રાણી તરીકે સમાજમાં ચાલતો અનૈતિક વ્યવહારને રોકવાની, તેની સામે અવાજ ઉઠાવવાની વ્યક્તિની સ્વતંત્રતાને નૈતિક સ્વતંત્રતા કહે છે.

5. રાજકીય સ્વતંત્રતા કોને કહે છે?

- વ્યક્તિના મત આપવાના, ચૂંટણીમાં ઉમેદવારી કરવાના, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારનો પ્રસાર કરવાની સ્વતંત્રતા એટલે રાજકીય સ્વતંત્રતા.

6. આર્થિક સમાનતા એટલે શું?

- આર્થિક સમાનતા એટલે આવકની સમાનતા કે વર્તનની એકરૂપતા નહિ, આર્થિક સમાનતા આખરે તો અમુક હદ સુધી સમથળ કરવાની પ્રક્રિયા છે.

  **અથવા**
- આર્થિક સમાનતા એટલે પ્રત્યેક વ્યક્તિને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ.

7. રાજકીય સમાનતા કોને કહે છે ?

- રાજ્યના નાગરિકોને જાહેર બાબતો કે જાહેર કાર્યોમાં તથા તેના નિર્ણય-ઘડતરમાં ભાગ લેવાની તકની સમાનતાને રાજકીય સમાનતા કહેવાય છે.

8. કાનૂની સમાનતાનો તમે શું અર્થ કરો છો?

- કાયમી નજરમાં પૈસાદાર અને ગરીબ સૌ એક સમાન છે. આમ, કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તકને કાનૂની સમાનતા કહે છે.

9. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા એટલે શું ?

- આંતરરાષ્ટ્રીય કાયદાની નજરે વિશ્વનાં તમામ રાજ્યો સમાન છે. આ સમાનતાને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા કહે છે.

10. આર્થિક સ્વતંત્રતા કોને કહે છે?

- વ્યક્તિને કામ કરવાની, વાજબી વેતન મેળવવાની, મિલ્કત એકત્રીત કરવાની, તેના નિકાલના અને પોતાના વ્યવસાયના રક્ષણ માટે સર્વ (મંડળ) રચવાના હકને આર્થિક સ્વતંત્રતા કહે છે.

11. લોકશાહીના પાયાનાં મૂલ્યો જણાવો?

- સ્વતંત્રતા, સમાનતા અને સામાજીક ન્યાય એ લોકશાહીના પાયાના મૂલ્યો છે.

12. સાર્વભૌમત્વનું કાર્ય ટૂંકમાં જણાવો.

- સાર્વભૌમત્વ રાજયને નિર્ણય થડતરમાં આંતરિક રીતે સર્વોપરી અને બાહ્ય રીતે સ્વતંત્ર બનાવે છે. તે મનુષ્યની સ્વતંત્રતા વતે ઓછા અંશે નિયંત્રીત કરે છે.

13. નાગરિક લોકશાહી શાસન વ્યવસ્થામાં કઈ રીતે ભાગીદારી નોંધાવી શકે છે?

- લોકશાહીમાં નાગરિકો પોતાની રીતે સ્વતંત્ર મત આપીને, ચૂંટણીમાં ઉમેદવારી કરીને, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારોનો પ્રચાર કરીને કે સરકારનું સમર્થન કે વિરોધ કરવાના હકનો સમાવેશ.

14. વ્યક્તિને કઈ-કઈ બાબતોની સ્વતંત્રતા હોય છે ?

- વ્યક્તિને વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસની સત્યની શોધ કરવાની, વૈજ્ઞાનિક શોધખોળો કરવાની અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા હોય છે.

15. વિશ્વની કઈ-કઈ મહાન ક્રાંતિઓએ લોકશાહીમાં સમાનતા પર ભાર મૂક્યો છે ?

- વિશ્વમાં ફ્રેન્ચ ક્રાંતિ,અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ, રશિયાની બોલવેશેવિક ક્રાંતિ એ લોકશાહીમાં સમાનતા પર ભાર મૂક્યો હતો.

16. કયો રાજકીય ચિંતકોએ કુદરતી સમાનતાના ગાલ પર ભાર મૂક્યો છે ?

- હોન્ઝ, લોક અને રૂસો જેવા રાજકીય ચિંતકોએ કુદરતી સમાનતા પર ભાર મૂક્યો છે.

17. કાનૂની સમાનતાને કોની સાથે સંબંધ છે?

- કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તક સાથે અને અદાલતની તટસ્થતા સાથે સંબંધ છે.

18. સરકાર શા માટે નિષેધાત્મક કાયદા બનાવે છે?

- સરકાર સમાજના કેટલાક લોકોના હાથમાં જમીન અને સંપત્તિનું તે જ કેન્દ્રીકરણ રોકવા માટે સરકારે નિષેધાત્મક કાયદા બનાવે છે.

19. સામાજીક સમાનતા માટે જાગૃતિ લાવનારું મોટું સાધન કયું છે?

- વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે કાયદા અને વ્યવસ્થાની જરૂરિયાત હોય છે.

20. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જરૂરિયાત કેમ છે?

- વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે કાયદા અને વ્યવસ્થાની જરૂરિયાત હોય છે.

21. સામુદાયિક સંપત્તિનો ઉપયોગ શા માટે થવો જોઈએ ?

- સામુદાયિક સંપત્તિનો ઉપયોગ સૌના (નાગરિકો)ના ઉત્કર્ષ માટે થાય તે માટે ઉપયોગ થવો જોઈએ.